ગાંધીનગર સમાચાર

પ્રચાર અભિયાનમાં આઉટ સોર્સિંગ અને સોશીયલ મિડિયાનો પ્રભાવ વધ્યો

# ગાંધીનગર ૩૧ માર્ચ સુધીમાં વાઈ-ફાઈ સિટી બનશે

## રાજકોટ ખાતે જાહેર સભાના સંબોધનમાં મુખ્યમંત્રીએ કરેલી જાહેરાત : છ શહેરોને સ્માર્ટ સિટીમાં સમાવેશ કરવાના કેન્દ્રના નિર્ણયને આવકારી મુખ્યમંત્રીએ વિકાસની વિગતો આપી હતી

ગાંધીનગર, તા. ૧૯

આગામી ૩૧મી માર્ચ સુધીમાં ગાંધીનગર શહેરને વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ સીટી બનાવી દેવામાં આવશે તેવી ઘોષણા રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કરી છે.

રાજકોટમાં જાહેરસભાને સંબોધતા તેમણે આ જાહેરાત કરી હતી. તેમણે રાજ્યના ૬ શહેરોને સ્માર્ટ સીટીમાં કરાયેલા સમાવેશના કેન્દ્રના નિર્ણયને આવકાર્યો હતો.

તેમણે જાહેરસભામાં આંદોલન અંગે રિસર્ચ થવુ જોઈએ તેવો કટાક્ષ પણ કર્યો હતો.

ગાંધીનગર શહેરને વાઈ-ફાઈની સુવિધા આપવાની કામગીરી આમ તો તબક્કાવાર હાથ ધરવામાં આવી છે. મહાત્મા મંદિર, સિવિલ હોસ્પિટલ, સચિવાલય સંકુલને વાઈ-ફાઈની સુવિધાથી સજ્જ કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર નોલેજ કોરીડોર તરીકે ઉભરી રહ્યુ છે ત્યારે મોબાઈલ સેવાઓ સસ્તી બને અને તે માટે વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ બને તે ધ્યાને રાખી આ નિર્ણય સરકારે કર્યો છે.

ગાંધીનગર શહેર આખાને વાઈ-ફાઈની સુવિધાથી સજ્જ કરવા અંગેનો રોડ મેપ વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગે તૈયાર પણ કરી દીધો હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે.

# ચૂંટણી ખર્ચના હિસાબો ચાર તબક્કે રજૂ કરવા પડશે

**પ્રથમ તબક્કામાં ઉમેદવારોએ રૂ. પાંચ હજાર જેટલો ખર્ચ બતાવ્યો**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડતા ઉમેદવારોએ તેમના ચૂંટણી ખર્ચના હિસાબો ચાર તબક્કામાં રજુ કરવાના રહેશે. જિલ્લામાં ૧૬મીએ ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા બાદ સ્પષ્ટ થયેલી ચૂંટણી ચિત્રને અંતે ૧૮મીએ પ્રથમ તબક્કાના હિસાબો ઉમેદવારોએ રજુ કરી દીધા છે. જોકે એક પણ ઉમેદવારનો ખર્ચ રૂ. પાંચ હજારથી વધુ નહિ હોવાનું જાણવા મળેલ છે. હવે બીજા તબક્કાનો હિસાબ ૨૩મીએ ઉમેદવારો રજુ કરશે જ્યારે ત્રીજા તબક્કાનો હિસાબ ૨૭મી નવેમ્બરે રજુ કરશે અને ૧લી ડિસેમ્બરે આખરી હિસાબ રજુ કરશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણી ખર્ચ ઉમેદવારો માટે નિયત કરાયો હોવાથી ચાર જેટલા નોડલ ઓફિસરો નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઓફિસરોએ પ્રથમ તબક્કાની ચકાસણીની કામગીરી પૂર્ણ કરી દીધી છે.

રાજ્ય ચૂંટણી પંચે જિલ્લા પંચાયતના ઉમેદવાર માટે રૂ. ૨.૫૦ લાખ, તા. પંચાયતના ઉમેદવાર માટે ૧.૫૦ લાખ તેમજ નવ વોર્ડથી વધુ વોર્ડ ધરાવતી નગરપાલિકાના ઉમેદવાર માટે ૧.૨૫ લાખ અને સાતથી નવ વોર્ડ ધરાવતી નગરપાલિકા માટે રૂ. ૧ લાખના ખર્ચની મર્યાદા નિયત કરેલ છે.

ખર્ચના નોડલ ઓફિસરોના પ્રમાણપત્ર અને અહેવાલની ચકાસણી કરવાની સત્તા ચૂંટણી અધિકારીને અપાઈ છે. ચૂંટણી અધિકારી ચૂંટણી નિરીક્ષકને અહેવાલ આપશે જે રાજ્ય ચૂંટણી પંચને પોતાના અહેવાલની સાથે આ બાબતે પણ પંચનું ધ્યાન દોરી અને વિગતવાર નોંધ આપશે. જિલ્લામાં હજુ પ્રચારનો માહોલ જામ્યો નથી એટલે ઉમેદવારોની મુંઝવણ પણ વધવા પામી છે.



આખરી ઓપ - રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે માત્ર ત્રણ દિવસ રહ્યા છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓની સમીક્ષા માટે મહત્વની બેઠક સચિવાલયમાં યોજાઈ હતી. ચૂંટણી કમિશનરશ્રી વરેશ સિંહાના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં તમામ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં તમામ પાસાઓની સમીક્ષા કરાઈ હતી.

# ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો

## લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રીએ પહોંચતા ગાંધીનગરાઓએ ઠંડી અનુભવી : શાલ-સ્વેટર પહેરવાની જરૂરીયાત ઉભી થઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિ.સે. નોંધાતા વસાહતીઓએ ઠંડીનો અનુભવ કર્યો હતો. શાલ-સ્વેટર પહેરવાની ફરજ પડી હતી.

દિવાળી બાદ ધીમે ધીમે ઠંડીનો માહોલ જામી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી લઘુત્તમ તાપમાન ૧૭-૧૮ ડિગ્રીની આસપાસ હતુ જે આજે ઘટીને ૧૫.૫ ડિ.સે. સુધી પહંચ્યું છે. વહેલી સવારે અને રાત્રે વાતાવરણમાં ઠંડકનો અનુભવ થાય છે. ઘરની બહાર નીકળો તો શાલ અને સ્વેટર પહેરવાની જરૂરીયાત ઉભી થાય છે. કેટલાક ઘરોમાં તો રાત્રીના સમયે પંખા પણ બંધ રહે છે. જોકે દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન હજુ ૩૦ ડિગ્રીથી વધુ રહેતા ઠંડકનો અનુભવ સૂર્યાસ્ત પછી જ થાય છે. દિવસ વહેલો આથમી જતાં રાત્રે માર્ગો પરથી અવરજવર પણ ઓછી થઈ જાય છે.

# પ્રચાર અભિયાનમાં આઉટ સોર્સિંગ અને સોશીયલ મિડિયાનો પ્રભાવ વધ્યો

## જાહેર પ્રચારને બદલે ઉમેદવારોનું ડોર ટુ ડોર અભિયાન : મતદારો ઉદાસીન છે

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષોના ઉમેદવારોએ જાહેર પ્રચારને બદલે ડોર ટુ ડોર અને મિત્રમંડળના રાજકારણનો આશરો લઈ પ્રચાર અભિયાનને વેગ આપવાના પ્રયત્નો શરૂ કર્યા છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ગણતરીના ૧૦ દિવસો બાકી રહ્યા છે. ચૂંટણીનો માહોલ જેવો જામવો જોઈએ તેટલો જામ્યો નથી અને ઉમેદવારો પણ ખર્ચની મર્યાદાને ધ્યાને રાખી જાહેર પ્રચાર ઓછો પણ ડોર ટુ ડોર કેમ્પેઈનીંગ કરી રહ્યા છે.

પંચાયતના ત્રણ થી ચાર જેટલા ઉમેદવારોએ તો આઉટસોર્સિંગનો સહારો લઈ અને પ્રચાર અભિયાનમાં નવો વિચાર પણ વહેતો કર્યો છે. આઉટ સોર્સિંગના આ માણસો ડૉર ટુ ડોર પ્રચારની સાથે સાથે મતદાર સહાયતા સેવા કેન્દ્રોનું સંચાલન કરી રહ્યા છે.

જિલ્લા પંચાયતની એક બેઠકમાં ૧૧ થી ૧૫ જેટલા ગ્રામ્ય વિસ્તારનો સમાવેશ થતો હોય છે. આ સંજોગોમાં બધા જ મતદારોનો રૂબરૂ સંપર્ક શક્ય નહિ હોવાનું જણાતાં ઉમેદવારોએ આઉટ સોર્સિંગથી પ્રચાર અભિયાન હાથ ધર્યાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

બીજી તરફ જાહેર પ્રચાર ઓછો કરી રાત્રિના સમયમાં મિત્રમંડળનું રાજાકરણ ખેલવા પ્રચાર અભિયાન શરૂ કરાયું છે. જેમાં કોઈ એક મિત્રના ઘરે ગામના આગેવાનોની બેઠક થાય અને ઉમેદવાર ત્યાં પહોંચી તેનું પ્રચાર અભિયાન ચલાવે છે.

● અનુસંધાન પાન-૬ પર

## જાહેર નોટીસ

ગાંધીનગર શહેર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ અને રહેણાંક હેતુથી ફાળવવામાં આવેલા વિસ્તારમાં ગેરકાયદેસર ઉપયોગ અંગે તા. ૨૮/૧૦/૨૦૧૫થી નામદાર ગુજરાત હાઈકોર્ટએ આવા ગેરકાયદેસર બાંધકામ અને ગેરકાદેસર ઉપયોગવાળા વિસ્તારોને કાયમી ધોરણે દૂર કરવા માટેનો આદેશ ગાંધીનગર મહાનગરપાલિકાને કરેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટના આ આદેશને પગલે ગાંધીનગર મહાનગરપાલિકા 'ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯'ની કલમ ૨૫૩(૧), ૨૫૪, ૨૬૦ તથા 'ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬'ની કલમ-૩૬ અન્વયે ગેરકાયદેસર બાંધકામ અને ગેરકાયદેસર ઉપયોગમાં લેવાતા એકમો સામે દિન-૧૫ સુધીમાં કાયદાકીય પગલા લેશે, જેની ગાંધીનગર શહેરના નાગરિકોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.

સહી/-
(જી. આર. ચૌધરી)
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

# રાજ્યના પૂર્વ રાજ્યપાલ આર. કે. ત્રિવેદીનું નિધન

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ આર. કે. ત્રિવેદીનું આજે લખનઉ ખાતે અવસાન થયું છે. સદ્ગતના અવસાન બદલ ગુજરાતના રાજ્યપાલ શ્રી



ઓમપ્રકાશ કોહલીએ ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલ સ્વર્ગસ્થ શ્રી આર.કે. ત્રિવેદીના નિધન અંગે શોક વ્યક્ત કરી સદ્ગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલ સ્વર્ગસ્થ શ્રી આર.કે. ત્રિવેદીના દુઃખદ અવસાન અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી સદ્ગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે સ્વર્ગસ્થ શ્રી આર.કે. ત્રિવેદીના શોકસંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવતા દિવંગત આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી છે.

આર. કે. ત્રિવેદી દેશના વરિષ્ટ આઈ.એ.એસ. અધિકારી હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચમાં સદગત ત્રિવેદીની કામગીરી નોંધનીય રહી છે અને ખાસ કરીને મતદાતા ઓળખપત્રનો વિચાર અને અમલ આર. કે. ત્રિવેદીએ કર્યો હતો.


નૂતન વર્ષાભિનંદન
જનતા સહકારી બેંક લિ. પુણે
(મલ્ટીસ્ટેટ શિડ્યુલ બેંક, ખેડબ્રહ્મા શાખા)
આપણી શાખાનું ૪૦ માસમાં ટર્નઓવર ૨૫ કરોડથી વધુ
● ૭ દિવસથી ૩૦ દિવસ ૬ % સિન. સીટીઝન
● ૩૧ દિવસથી ૯૦ દિવસ ૭ %
● ૯૧ દિવસથી ૧૮૦ દિવસ ૮ %
● ૧૮૧ દિવસથી ૩૬૪ દિવસ ૮.૨૫ %
● ૧૨ માસથી ૩૬ માસ ૮.૬૫ % ૯ %
● ૩૬ માસથી ૧ દિવસ ઉપર ૮.૫૦-૮.૭૫ %
● રીકરીંગ ડીપોઝીટ ૧૨ માસથી ૩૬ માસ ૮.૬૫-૯ %
● નવીન પાન કાર્ડ મેળવવાની સેવા પણ ઉપલબ્ધ છે

IndusInd Bank
લોન... લોન... લોન...
જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...
● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ
૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા સંચાલિત
યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર
ગુજરાત સુતરાઉ ખાદી - ૨૫% વળતર
ગુજરાત પોલીવસ્ત્ર ખાદી - ૨૫% વળતર
ગરમ ખાદી - ૨૦% વળતર
રેશમ ખાદી - ૨૦% વળતર
અમારે ત્યાં સુતરાઉ, પોલી, ગરમ અને રેશમ શાદી તેમજ આસન, શેત્રંજી, બેડશીટ, આસનપટ્ટા, લેંઘા, ઝભ્ભા, શર્ટ વિગેરે અવનવી ડિઝાઈનમાં મળશે. ઓફીસ, હોસ્ટેલ, ઘર ઉપયોગી ફર્નિચર મળશે.
અમારી સંસ્થા સરકારના નિયમ મુજબ વિના ટેન્ડર માન્ય છે.
સમય : ૧૦ થી ૭ સાંજના
સ્થળ : ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સ્કાયવ્યુ શોપીંગ સેન્ટર, ગાંધીનગર
ધર્મેન્દ્ર યોગી (મંત્રી) | ઉષાબેન કે. ત્રિવેદી (પ્રમુખ) | જસવંત સી. યોગી (વ્યવસ્થાપક)
ફોન : 079-23224370 (C), 02774-244355 (HO)

આપના આંગણે આવેલા અવસરને અમે યાદગાર બનાવીશું...
WE CAPTURE Feelings
Video - Photo
vivify Vision Video Films Production
Available Services :
SD/HD Live Setup
Zimi 35 Ft.
Full HD Camera Setup
L.E.D. Wall Screen
Web Live Telecast through Internet
Plazma TV / Projector Screen
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Sargasan Cross Road, Hadmatiya, Gandhinagar.
Mo. 98248 28169
E-mail : vivifyfilms@gmail.com | website : www.vivifyfilms.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com